સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

રાખો લાયકાત કે સાંસદ, ખૂની હોવો જોઈએ!
કરે રોજ પક્ષપલટા, ને ધૂની હોવો જોઈએ!
કરે ગાંડાં-ઘેલાં નિવેદન, ફની હોવો જોઈએ!
ખાય ભથ્થા ને બોલે ન શબ્દ, મૌની હોવો જોઈએ!
(-એ અમારું કામ નહીં - સંસદ નક્કી કરે!! - સંસદ)

હાઈકુ

કરશે કોણ?
ગુનેગારો વગર
કંટકો દૂર ?!
(ઉપયોગી સાંસદો)

કરવું પડે !
સ્વચ્છતા અભિયાન -
સાંસદો માટે...

ચિંતન

શ્રદ્ધાવિહીનસ્ય તુ ન પ્રવૃત્તિ પ્રવૃત્તિશૂન્યસ્ય ન સાદ્ધસિદ્ધિઃ ।
અશ્રદ્ધયૈવાભિહતાશ્ચ સર્વે મજ્જન્તિ સંસારમહાસમુદ્રે ॥

ઉપરોક્ત શ્લોક શ્રદ્ધાસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

શ્રદ્ધા વિનાનાની પ્રવૃત્તિ હોતી નથી અને પ્રવૃત્તિ વિનાનાની કોઈ સાધના સિસ્ધિ હોતી નથી, અશ્રદ્ધાને લીધે નાશ પામેલા સહુ સંસારરૂપ મોટા સમુદ્રમાં ડૂબે છે.

કોઈ પણ ગુરુ-ભગવાન-ધર્મ-પંથ પર સંપૂર્ણ શ્રદ્ધા-સમર્પણ-વિશ્વાસ હોય તો જ સાધના-સિદ્ધિ-ભક્તિ ફળે છે.

શ્રદ્ધા-વિશ્વાસ વિના પીધેલી દવા પણ અસર કરતી નથી. વિશ્વાસથી પીધેલું પાણી પણ 'ફળ' આપે છે. માટે શ્રદ્ધા અને વિશ્વાસ વિનાની બધી જ ક્રિયા-સાધના નકામા જ છે.

સુવિચાર

- ભલે શોધે બધા સુખચેન જગની મોહમાયામાં,
  મને તો પ્રાપ્ત છે સઘળું પ્રભુની છત્રછાયામાં - **હરિભાઈ કોઠારી**
- જે પાપ નથી કરતો તે દેવ છે, પાપનો પસ્તાવો નથી કરતો તે દાનવ છે - **હિતોપદેશ**
- શિખા, તિલક, માળા કે પાદુકા હોય તેને જ સંત કહેવાય એવું નથી,
  પરંતુ જે વ્યક્તિમાં સત એટલે કે સત્ય હોય તે કોઈ પણ પોષાકમાં હોય તો પણ સંત છે - **મોરારિ બાપુ**
- સ્નાનથી તન, દાનથી ધન, સહનશીલતાથી મન અને ઈમાનદારીથી જીવન શુદ્ધ બને છે - **મકરંદ દવે**
- બધાં જ દ્વાર વસાઈ ગયાં હોય ત્યારે ઈશ્વર એક નવું દ્વાર ઉઘાડતો હોય છે, પણ બંધ દ્વાર તરફ જોઈ અફસોસમાં ડૂબી જતાં આપણે નવું ઉઘડેલું દ્વાર જોઈ શકતા નથી - **હેલન કેલર**
- હર એકની આસ્થાનો પુરસ્કાર એટલે ધર્મ, હર હાલતમાં સહિષ્ણુ રહેવું ને માનવતાને માથે ચડાવવી એ મારો ધર્મ છે - **જોસેફ મેકવાન**
- આજનું ઔષધ : સફેદ ડાઘ જમાલઘોટાના બીજને લીંબુના રસમાં ડાઘ પર લગાવતાં લાંબે ગાળે રંગ બદલાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

તપબળથી સાધુએ ઘણી સિદ્ધિઓ અર્જિત કરી. રાજાને સાધુની વિદ્યાઓની વાત મળી. રાજાએ સાધુને થોડા દિવસો મહેલમાં રોકાવવા આવવાનું આમંત્રણ આપ્યું. સાધુએ રાજાના અન્યાય તથા અત્યાચારોની વાત સાંભળી હતી. આમ છતાં સાધુ રાજાના મહેલમાં રોકાવા ગયા. પણ મહેલમાં જઈને સાધુ પણ રાજા અન્યાયથી કમાયેલા ધનના પ્રમાદમાં ડૂબી ગયા. રોજે રોજ સ્વાદિષ્ટ ભોજન ખાીને તેમના વિચારો પણ ભ્રષ્ટ થવા લાગ્યા. એક દિવસ મોકો મળતા. રાજાનો હીરા જડિત હાર ચોરીને મહેલમાંથી ભાગી ગયા. જંગલમાં આરામ કરવા રોકાયા. ભૂખ લાગી તો ફળો તોડીને ખાધા. ફળો ખાતા જ તેમને ઝાડા ઉલટી થયા. આ બાજુ રાજાના હારના ચોરની શોધમાં સિપાઈઓ નીકળી પડ્યા. રાજાને સાધુ પર શક તો હતો જ. એટલે જંગલમાંથી સાધુ પકડાયા અને સિપાઈઓએ તેમને રાજા પાસે રજૂ કર્યો. રાજાએ પૂછ્યું, 'ચોરી કરી ને શું મેળવ્યું ?' સાધુએ કહ્યું, 'રાજન !! તમારા અન્યાયના અન્નને ખાઈને મારી બુદ્ધિ વિકૃત થઈ ગઈ હતી. જંગલમાં ફળો ખાધા એટલે ઝાડા ઉલટી થયા પણ ઝાડા-ઉલ્ટી થવાથી સારું એ થયું કે મારા હૃદયની ગંદકી પણ આ સાથે નીકળી ગઈ.' આવો જવાબ સાંભળતા રાજાની આંખો ખૂલી ગઈ. એણે સાધુની ક્ષમા માગી અને વચન આપ્યું કે હવે તે ન્યાય અને દયાથી શાસન ચલાવશે.

પ્રાદેશિક પક્ષોની વધતી ભૂમિકા

તંત્રીસ્થાનેથી...

માયાવતી, મુલાયમ કે શરદ પવાર જેવા પ્રાદેશિક અગ્રણી મમતા બેનર્જી પ્રેરિત મહાગઠબંધનમાં કેટલા મદદરૂપ થશે તેની આગાહી કરવી અઘરી છે. માયાવતીએ પ્રતીકાત્મક ગઠબંધનનો પ્રયોગ કરીને ઉત્તરપ્રદેશની પેટા ચૂંટણીઓમાં તો પરિણામ પણ મેળવી જોયું છે. પરંતુ હવે જયારે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પડઘમ વાગી રહ્યાં છે અને એના રિહર્સલ સમી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢની વિધાનસભઆની ચૂંટણીઓ માથા પર છે ત્યારે માયાવતીએ કોંગ્રેસ સાથે ગઠબંધન નહીં કરવાનો નિર્ણય કરી ભાજપ છાવણીને ગલગલિયાં થાય એવું વલણ અપનાવ્યું છે. માયાવતીનો બહુજન સમાજ તો દેશ આખામાં ફેલાયેલો છે, પરંતુ એનું વર્ચસ્વ ફક્ત ઉત્તરપ્રદેશ પૂરતું મર્યાદિત છે. ઉત્તરપ્રદેશની સરહદ બહાર માયાવતી માત્ર 'વોટ બ્રેકર'ની જ ભૂમિકા ભજવી શકે એમ છે. સ્પીડ બ્રેકર જેવો જ આ શબ્દ આપણે માત્ર માયાવતીને જ નહીં - બલકે શરદ પવાર અને મુલાયમસિંહ - અખિલેશની પાર્ટીઓને અને જદ(યુ) માટે પણ વાપરી શકીએ. કોણ નવરું છે આવી અજાણી પાર્ટીઓને વોટ આપવા માટે ? ગુજરાતમાં માયાવતીનો ઉમેદવાર જે થોડા ઘણા વોટ દલિત સમાજ કે આંબેડકરના નામે મેળવશે તે કોંગ્રેસના ઉમેદવારની કહેવાતી વોટ મૂડીમાંથી જ ઘટ પાડશે. રાજસ્થાનમાં અમુક વિસ્તારોને બાદ કરતાં બસપાનું વર્ચસ્વ નથી. દિગ્વિજયસિંહને ભાજપ અને સંઘના એજન્ટ ગણાવનારાં માયાવતી રાજસ્થાનમાં ગજા બહારની સીટો પર ઉમેદવારો મૂકીને ભાજપને જ મદદ કરી રહ્યા છે. એમણે આવું જ વલણ મધ્યપ્રદેશની ચૂંટણી માટે અપનાવ્યું છે અને છત્તીસગઢમાં પણ કોંગ્રેસના બળવાખોર નેતા અજિત જોગી સાથે બેસી કોંગ્રેસને ડિંગો બતાવી દીધો છે. કોંગ્રેસ-ભાજપ માટે બસપાના સંસ્થાપક કાંશીરામ સાપનાથ અને નાગનાથ જેવી ઉપમાઓ વાપરતા હતા. માયાવતી એ જ માનિસકતા સાથે બસપા એકલે હાથે બેઉ વિરુદ્ધ લડી લેશે એવું નિવેદન કરી રહ્યાં છે. આગામી દિવસોમાં જયારે વિવિધ કારણોસર અને લગભગ તમામ મોરચે મળેલી નિષ્ફળતાની પરિસ્થિતિ સરજાતાં મોદી અને એમની પાર્ટી રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયેલ છે ત્યારે માયાવતીનું આ વલણ ભાજપના પુનરાગમન માટે લાલ જાજમ સમું બની શકે છે. થોડા દિવસ અગાઉ શરદ પવારે રાફેલ ડીલ મુદ્દે મોદીને ક્લીન ચીટ આપતું નિવેદન કરીને ગઠબંધનની હવા કાઢી નાખી હતી. હવે માયાવતી મેદાનમાં આવ્યાં છે. થોડા વખત પછી મુલાયમસિંહ કોઈ નિવેદન આવશે. મોદી આવા અડૂકદડૂકિયા નેતાઓને કેવી રીતે હાથ ઉપર લેવા તેનો કીમિયો જાણે છે. એમની પાસે સંઘનું વિશાળ નેટવર્ક છે અને ઉદ્યોગપતિનો ખુલ્લો ટેકો છે. ધારે એટલાં નાણાંની રેલંછેબ કરીને કોંગ્રેસની વોટબેંકમાં બાકોરાં પાડી શકે એમ છે. નહીંતર જે ગતિએ પેટ્રોલ-ડીઝલના ભાવ વધી રહ્યા છે, મોંઘવારીએ માઝા મૂકી દીધઈ છે અને ડૉલર સામે રૂપિયાની રેવડી થઈ ચૂકી છે, વિદેશનીતિથી લઈ નાણાંનીતિમાં સરકારને સદંતર નિષ્ફળતા સાંપડી છે - એ બધું જોતાં ભાજપ માટે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સીધાં ચઢાણ પુરવાર થઈ શકે એમ છે. પરંતુ કોંગ્રેસ પાસે એકલા હાથે વર્તમાન શાસક પાર્ટીનો સામનો થઈ શકે એમ નથી અને પ્રાદેશિક પાર્ટીઓ તો 'સેલેબલ' કોમોડિટીઝ બની ચૂકી છે.

માફ કરી દો માત અમારી !

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

હે માતા! મને મંત્ર, યંત્ર, સ્તુતિ, આવાહન, ધ્યાન સ્તુતિની કથાઓ, મુદ્રાઓ અથવા વિલપન - આમાંથી કાંઈ આવડતું નથી. મને તો આટલી જ ખબર છે તને અનુસરું એટલે દુઃખ દૂર થઈ જાય છે. (૧)

હે સૌ કોઈનો ઉદ્ધાર કરનારી કલ્યાણી ! વિધિઓનું અજ્ઞાન, સંપત્તિઓ અભાવ, અથવા આળશ - આ બધાને કારણે પૂજાવિધિ શક્ય ન બની. તેથી તારી સેવામાં ખામી રહી ગઈ. પરંતુ પુત્ર કુપુત્ર થાય - માયા કુમાતા ન થાય. (૨)

હે મા ! આ દુનિયામાં તારા ઘણા સરળ પુત્રો હશે. તેમાં હું - આ તારો પુત્ર - એકદમ ઉદ્ધત છે. પરંતુ હે કલ્યાણી ! તું મારો ત્યાગ કરે, એ તને યોગ્ય નહિ લાગે. પુત્ર ભલે કુપુત્ર થાય - માતા કયારેય કુમાતા ન થાય. (૩)

હે જગદંબા ! હે મા ! મેં કયારેય તારાં ચરણો સેવ્યા નથી ! હે દેવી ! તને મેં દાનમાં એટલું ધન પણ આપ્યું નથી. તો પણ તું મને અનુપમ સ્નેહ કરે છે. પુત્ર કુપુત્ર થાય - માતા કયારેય પણ કુમાતા ન થાય (૪)

બીજા બધા દેવોની અનેક પ્રકારની સેવા વ્યાકુળતાથી કરીને, એમને છોડી દીધા; આમાં મારા પંચાશીથી વધુ વરસ વેડફાઈ ગયા. હે ગણેશજનની ! હવે જો તારી કૃપા મારા ઉપર ન થાય તો. આધાર વગરનો હું કોને શરણે જાઉં ? (૫)

હે માતા અર્પણા ! મંદમતિ પણ સુમધુર વાણી સાથે ઉત્તમ વક્તા બની જાય અને દરિદ્ર પણ કાયમ માટે કરોડો સંપત્તિ સાથે સુખી બની જાય. એના કાનમાં તારા મંત્રો પડી જાય તો આવું ફળ પામે. તો ખરેખર જો કોઈ માણસ જપ કરે એનાથી એને કેટલું ફળ મળે, એ એના સિવાય કોણ જાણી શકે? (૬)

ચિતાની ભસ્મનો લેપ, વિષપાન, દિગંબરપણું, જટાધારણ, કંઠમાં સર્પરાજ, પશુપતિ, ખોપરી ધારણ ભૂતનાથ - આ બધું હોવા છતાં જગદીશ્વરનું સ્થાન પામ્યા છે. હે ભવાની ! તારી સાથે વિવાહ થયો છે, એનું આ પરિણામ છે. (૭)

હે ચંદ્રમુખી ! મને મોક્ષની ઈચ્છા નથી, મને સંપત્તિ પણ જોઈતી નથી. મને વિશેષ જ્ઞાનની આશા નથી. કે કોઈ સુખ મને ખપતું નથી. હે મા ! આથી જ હું માંગું છું - કરુણામયી, રુદ્રાણી, શિવ, શિવ, ભવાની આ રીતના જપ કરવામાં મારી આયુ પસાર થાય (૮)

હે શ્યામા ! કોઈ પણ પ્રકારની વિધિથી તારી આરાધના કરી નથી. ઊલટું, અનિષ્ઠ વિચારોથી ભરેલી વાણી સાથે મેં શું નથી કર્યું ? હું અનાથ છું, તું મારા ઉપર થોડી પણ કૃપા કરીશ તો તે યોગ્ય કહેવાશે. તું મારી મા છો. (૯)

હે દુર્ગા ! કરુણામયી ! હું આપત્તિમાં ડૂબ્યો હોઉં, ત્યારે તને જ યાદ કરું છું. તું મારી દુષ્ટતાને મનમાં ન લેતી. ભૂખ્યા તરસ્યાને તો મા જ યાદ આવે. (૧૦)

હે જગદંબા ! તારી મારા ઉપર અપરંપાર દયા હોય, તો એમાં આશ્ચર્ય શું છે ? હે માતા ! પુત્ર અપરંપાર અપરાધો કરતો હોય; તો પણ માતા એની ઉપેક્ષા કયારેક ન કરે. (૧૧)

મારા જેવો કોઈ પાપિયો નથી. તો તારા જેવી પાપને હણનારી કોઈ નથી. હે મહા દેવી ! આટલું સમજી લીધા પછી, તને જે યોગ્ય લાગે તે કરજે. (૧૨)

હિંદુસ્તાની સંગીતના જનક તરીકે કોણ ઓળખાય છે?

વ્યક્તિ વિશેષ

ખજાનો
અનિલ પટેલ

૧ કયા રાજાએ સંસ્કૃત સાહિત્યકાર બાણભટ્ટ અને મયૂરને રાજયાશ્રય આપ્યો હતો?
(અ) ભોજ (બ) હર્ષવર્ધન
(ક) ચંદ્રગુપ્ત મૌર્ય (ડ) ગંગ શાસક નરસિંહ દેવ

૨ 'અકબર નામા'ની રચના કોણે કરી હતી ?
(અ) અબુલ ફઝલ (બ) શેરશાહ સૂરી
(ક) જહાંગીર (ડ) મોસુદ્દીન

૩ 'સારી ભૂમિ ગોપાલ કી'. આ સૂત્ર કોણે આપ્યું હતું ?
(અ) ચિત્તરંજનદાસ (બ) ગોપાલહરિ દેશમુખ
(ક) વિનોબા ભાવે (ડ) સુરેન્દ્રનાથ બેનર્જી

૪ સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહપ્રધાન કોણ હતા?
(અ) સરદાર પટેલ (બ) શંકરદયાળ શર્મા
(ક) જવાહરલાલ નહેરુ (ડ) ખાન અબ્દુલ ગફારખાન

૫ આર.કે.લક્ષ્મણ કયા ક્ષેત્ર માટે જાણીતા છે ?
(અ) નાટ્યકલા (બ) સંગીત
(ક) રમતગમત (ડ) કાર્ટુન

૬ હિંદુસ્તાની સંગીતના જનક તરીકે કોણ ઓળખાય છે?
(અ) અસાઈત (બ) તાનસેન
(ક) બૈજુ બાવરા (ડ) તાનારીરી

૭ ડૉ. એસ. રંગનાથન ભારતમાં કઈ પ્રવૃત્તિ માટેના પ્રણેતા કહેવાય છે ?
(અ) પુસ્તકાલય (બ) આરોગ્યસેવા
(ક) સ્વચ્છતા (ડ) દરિદ્રનારાયણ સેવા

૮ 'બોન્ઝ વુમન ઑફ ઈન્ડિયા' તરીકે કોણ જાણીતું છે ?
(અ) નરસીગ દત્ત (બ) શકુંતલા દેવી
(ક) દેવીકા રાણી (ડ) જશુબેન શિલ્પી

૯ મુંબઈની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના સ્થાપક કોણ હતા ?
(અ) વાલચંદ હીરાચંદ (બ) વિઠ્ઠલદાસ ઠાકરસી
(ક) પ્રેમચંદરાય (ડ) જમશેદજી તાતા

૧૦ ભારતના શંકુતલા દેવી કયા નામે ઓળખાય છે ?
(અ) ગણિતના જાદુગરણી (બ) ગણિતની ગુંજન
(ક) વિજ્ઞાનની વિરાસત (ડ) વિજ્ઞાનની પંડિતીની

૧૧ શંકરાચાર્યનો જન્મ જે ગામમાં થયો તે કાલરી કયા રાજયમાં આવેલ છે?
(અ) તમિલનાડુ (બ) કર્ણાટકા
(ક) ઓરિસ્સા (ડ) કેરાલા

૧૨ મેગ્સેસે એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય કોણ છે ?
(અ) પાંડુરંગ આઠવલે (બ) ઈશ્વરભાઈ પટેલ
(ક) વિનોબા ભાવે (ડ) ગોએન્કા

૧૩ કેમેલીયા સોરાબજી કયા ક્ષેત્ર માટે ભારતના પ્રથમ મહિલા ગણાય છે ?
(અ) અવકાશ ક્ષેત્રે (બ) વકીલાત ક્ષેત્રે
(ક) નાટ્યક્ષેત્રે (ડ) સંગીતક્ષેત્ર

૧૪ કયા મહાનુભાવનો જન્મદિવસ 'રાષ્ટ્રીય સમતા દિવસ' તરીકે ઉજવાય છે ?
(અ) બાબુ જગજીવનરામ (બ) વિનોબા ભાવે
(ક) લાલ બહાદુર શાસ્ત્રી (ડ) જયપ્રકાશ નારાયણ

૧૫ હિન્દના હાતિમતાઈ તરીકે કોણ ઓળખાય છે ?
(અ) ભામાશા શેઠ (બ) શેઠ જગડૂશા
(ક) સર જમશેદજી જીજીબાઈ (ડ) વાલચંદ હીરાચંદ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૫ ઓક્ટોબર**
  - કેળવણીકાર અને ગાંધીજીના અંતેવાસી કિશોરીલાલ મશરુવાલાનો જન્મદિવસ (૧૮૯૦)
  - અંગ્રેજીભાષાને ઉચ્ચ સ્થાને પહોંચાડનાર અંગ્રજી સાહિત્યકાર જયોર્ફ યોસરનું નિધન (૧૪૦૦)
  - કોલકત્તામાં ભીષણ તોફાનમાં ૬૦ હજારના મોત થયા હતા. (૧૮૬૪)
- **૬ ઓક્ટોબર :**
  - કલિંગ પુરસ્કાર વિજેતા વૈજ્ઞાનિક અને લેખક ડૉ. મેઘનાધ સહાનો જન્મદિવસ (૧૮૯૩)
  - વિતેલા જમાનાના ફિલ્મ અભિનેતા વિનોદ ખન્નાનો જન્મદિવસ (૧૯૪૬)
  - ઈજિપ્તના રાષ્ટ્રપ્રમુખની હત્યા થઈ (૧૯૮૧)
  - ભૃગુરાય દુ. અંજારિયાની જન્મજયંતિ (૧૯૧૩)
- **૭ ઓક્ટોબર :**
  - શીખગુરુ હરગોવિંદસિંહનું નિધન (૧૭૦૮)
  - બેગમ અખ્તરનો જન્મદિવસ (૧૯૧૪)
  - મધર ટેરેસાએ મિશનરીઝ ઓફ ચેરીટી સ્થાપીય (૧૯૫૦)
  - પ્રાગજી જ. ડોસાની જન્મજયંતિ (૧૯૦૭)
  - મૃણાલિની સારાભાઈની જન્મજયંતિ (૧૯૨૭)
  - ક્રિકેટર ઝહીર ખાનનો જન્મદિવસ (૧૯૭૮)
- **૮ ઓક્ટોબર : વાયુ દિન**
  - પ્રખર ગણિતશાસ્ત્રી તીર્થરામનો જન્મદિવસ (૧૮૮૩)
  - લોકનાયક જયપ્રકાશનારાયણનું નિધન (૧૯૭૯)
  - જાણીતા ફિલ્મ અદાકાર રાજકુમારનો જન્મદિવસ (૧૯૨૬)
  - મુનશી પ્રેમચંદની પુણ્યતિથિ (૧૯૩૬)
  - ઈન્ડિયન એરફોર્સની સ્થાપના (૧૮૩૨)
  - મિલખાસિંહની જન્મજયંતિ (૧૯૫૫)
- **૯ ઓક્ટોબર : વિશ્વ ટપાલ દિવસ**
  - જગદીશ જોષીની જન્મજયંતિ (૧૯૩૧)
  - બૌધ ધર્મના અભ્યાસુ ધર્માનંદ કોસંબીનો જન્મદિવસ (૧૮૭૬)
  - ઉસ્તાદ અલી અમજદખાનનો જન્મદિવસ (૧૯૪૫)
  - જોસેફ મેકવાનની જનમજયંતિ (૧૯૩૬)
  - મુંબઈ અને લંડન વચ્ચે આંતરરાષ્ટ્રીય ટેલિફોન લાઈન શરુ થઈ (૧૯૭૬)
- **૧૦ ઓક્ટોબર : વિશ્વ મનોરોગ જાગૃતિ દિવસ**
  - નોબલ પુરસ્કાર વિજેતા ભૌતિકશાસ્ત્રી સુબ્રહ્મણ્ય ચંદ્રશેખરનો જન્મદિવસ (૧૯૧૦)
  - બર્ફીલા ઉત્તર ધ્રુવના દ્વાર ખોલનાર સાહસીક નોર્વેના ફ્રિજોફ નાનસેનનો જન્મદિવસ (૧૮૬૧)
  - જદુનાથ સરકારની જન્મજયંતિ (૧૮૭૦)
  - આર. કે. નારાયણની જન્મજયંતિ (૧૯૦૬)
  - ગાંધીવાદી વિચારસરણીને વરેલા બબલભાઈ મહેતાની જનમજયંતિ (૧૯૧૦)
  - ફિલ્મ અભિનેત્રી રેખાનો જન્મદિવસ (૧૯૫૯)
- **૧૧ ઓક્ટોબર**
  - પ્રખર ગાંધીવાદી મગનભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૮૯૯)
  - અમિતાભ બચ્ચનનો જન્મદિવસ (૧૯૪૨)
  - જયપ્રકાશ નારાયણનો જન્મદિવસ (૧૯૦૨)
  - અમેરિકાએ ચંદ્ર પર પ્રથમ યાન પાયોનિયર રવાના કર્યું (૧૯૫૮)
  - સુરેશ દલાલનો જન્મદિવસ (૧૯૩૨)

ગત સપ્તાહના સવાલનો જવાબ

ભારતે ફ્રાન્સ સાથે કયા યુદ્ધ વિમાનો માટે કરેલ સોદાનો વિવાદ ચરમસીમાએ છે?
જવાબ : રાફેલ યુદ્ધ વિમાન

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૭) મહેશ એમ. જાદવ : રાયસણ (૮) શિવાંગી બી. પટેલ : રાયસણ (૯) મીત પટેલ : સે-૨૩

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

તાજેતરમાં કયા ત્રણ વૈજ્ઞાનિકોને નોબલ પુરસ્કાર મળ્યો ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

દરેક શંખની પોતાની આગવી ખૂબી હોય છે

રંગ-ઉમંગ
કાનન ઓઝા

હિંદુ ધર્મમાં શંખને વિજય, સમૃદ્ધિ, શુભ અને યશનું પ્રતિક માનવામાં આવે છે. અનેક દેવી દેવતાઓના ફોટામાં શંખ જોવા મળે છે. ઉત્સવ, પૂજા, હવન, મંગલદિન, પ્રયાણ, આગમન, યુદ્ધ, આરંભ, લગ્ન, રાજ્યાભિષેક જેવા ધાર્મિક કાર્યોમાં શંખ વગાડવામાં આવે છે. શંખને લક્ષ્મીજીનો સહોદર અને વિષ્ણુનો પ્રિય માનવામાં આવે છે. એવું પણ કહેવામાં આવે છે કે જયાં શંખ હોય છે. ત્યાં લક્ષ્મીજીનો વાસ હોય છે. શંખના આકાર, ધ્વનિ અને સુંદરતાથી તેની ગુણવત્તા નક્કી થાય છે. ચમકદાર, સુડોળ, સુંદર, સ્પષ્ટ અને મધુર ધ્વનિવાળા શંખને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. શંખ તો ભગવાનના મંદિરોમાં પૂજા વખતે ફૂંકવામાં આવે છે. જે ખૂબ જરૂરી છે. આ એક વિજયાઘોષ છે, ઈશ્વરને પ્રસન્ન કરતો. આ બ્રહ્મનાદ છે. આના ઘોષથી વાતાવરણ અને મનમાં રહેલી નકારાત્મક શક્તિ અને વૃત્તિ દૂર થાય છે. શંખ માંહેતી ઓમ નાદ નીકળે છે. દક્ષિણાવર્તી શંખ જે પરિવારમા સ્થાપિત હોય છે, ત્યાં ગરીબી આવતી નથી. શાંતિ અને સમૃદ્ધિનો વાસ થાય છે. શંખમાં શુદ્ધ જળ ભરી અભિશાપ, અભિચાર અને દુર્ગ્રહના પ્રભાવને નષ્ટ કરે છે. શંખ મુખ્યત્વે ત્રણ પ્રકારના હોય છે. દક્ષિણાવર્તી, વામાવર્તી, મધ્યવર્તી. દક્ષિણાવર્તી શંખ જમણી બાજુ ખૂલે છે. વામાવર્તી શંખનું મુખ જમણી બાજુ હોય છે. જયારે મધ્યવર્તી શંખનું મુખ વચ્ચે આવેલ હોય છે.મધ્યવર્તી શંખ મળવા દુર્લભ છે. શંખમાં ભરી રાખેલા પાણીનું સેવન કરવાથી પણ અનેક લાભો પ્રાપ્ત થાય છે. જે શરીર માટે હિતકારી છે. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે પણ શંખનું ઘરમાં હોવું ઘણું હિતકારી છે. શંખ ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે. વાસ્તુશાસ્ત્રના નિયમો શંખને પૂરી રીતે હકારાત્મક બનાવે છે.

કહેવાય છે કે, શંખને ઘરમાં રાખવાથી નકારાત્મક શક્તિઓ પાસે આવતી નથી. શંખનાથી અનિષ્ઠ શક્તિઓ દૂર ભાગે છે. શંખનાદથી આસપાસની ભૂમિમાં એક પ્રકારની હકારાત્મક ઉર્જા ફેલાતી હોવાથી માન્યતા છે. શંખના અજવાથી ભૂમિ જાગૃત બને છે. તેમાં હકારાત્મક ઉર્જા અને જાગૃતિ પ્રવર્તે છે. હિંદુ પૂજા સામગ્રીમાં શંખનો સમાવેશ થાય છે. ઘરે અને મંદિર દ્વારા ભગવાનના બોલતા પહેલા શંખ વગાડવામાં આવે છે. પૂજામાં રાખવામાં આવતા શંખ ઘણીવ ખત સોના કે ચાંદીથી મઢીને, સુશોભિત કરવામાં આવે છે. ભગવાનના અભિષેકમાં પણ શંક વપરાય છે. શંખ તો યુદ્ધમાં મહાભારતના વખતથી ફૂંકવામાં આવે છે. આ એક અસુરો નાશ વિશે એક આહવાન છે. રામાયણના યુદ્ધમાં પણ શંખ ફૂકવામાં આવ્યો હતો. તેવો ઉલ્લેખ છે. શંખ ધ્વનિ દેવોને અતિપ્રિય છે. માટે જ મંદિરોમાં ફૂંકવામાં આવે છે. તો માનવજાતને પણ તેના થકી વિવિધ લાભ પ્રાપ્ત થાય છે.

પુરાણોમાં અને ખાસ કરીને શ્રીમદ ભગવદમાં યુદ્ધ દરમિયાન શંખના વાદ્ય તરીકે અને ઘર્ષણ કરવા માટે ઉપયોગ થવાનું વારંવાર વર્ણન જોવા મળે છે. હિંદુ દેવતા વિષ્ણુના ચતુર્ભુજ સ્વરુપમાં શંખ તેમના એક હાથમાં વર્ણવવામાં આવે છે. મહાભારતનાં વિવિધ પાત્રોનાં શંખમાં જુદા જુદા નામોનું વર્ણન ભગવદ્ગીતામાં પહેલા અધ્યાયમાં જોવા મળે છે. મહાભારતમાં પ્રાતઃકાળ શંખનાદ થાય તે સાથે યુદ્ધ રાસ થતું હતું. અને સંધ્યાકાળે શંખનાદ થતાં જ યુદ્ધ વિરામ થતો હતો. મહાભારતના યુદ્ધની શરુઆતમાં ભીષ્મ પિતામહે ભયંકર શંખનાદ કર્યો હતો. તેની સામે ભગવાન શ્રીકૃષ્ણે પાંચજન્ય નામનો શંખ ફૂંક્યો હતો.

શ્રીકૃષ્ણનો પાંચજન્ય શંખ બહુ ચમત્કારી તથા સમગ્રસૃષ્ટિમાં વખણાતો હતો. અને કદમાં પણ બહુ મોટો હતો એવું કહેવામાં આવે છે કે પાંચજન્ય શંખનો ધ્વનિ યુદ્ધ ભૂમિથી કેટલાક માઈલો સુધી સંભળાતો હતો. દરેક પાંડવ પાસે પોતાનો પ્રિય શંખ રહેતો હતો. અને તેઓએ પોતાના શંખનું નામકરણ પણ કરેલું હતું. જેમ કે યુધિષ્ઠિરના શંખનું નામ અનંતવિજય, અર્જુનના શંખનું નામ દેવદત, ભીમના શંખનું નામ પૌડ્રક, નકુલના શંખનું નામ સુઘોષ, તથા સહદેવના શંખનું નામ મણિપુષ્પક હતું.

આ તમામે સમયે સમયે પોતાના શંખો વગાડ્યા હતા. પ્રાચીન કાળમાં યુદ્ધ શરુ થાય તે પહેલા શંખનો ધ્વનિ કરવામાં આવતો જ. યોદ્ધાનો શંખનાદ વધુ તેને સર્વશક્તિશાળી માનવામાં આવતો હતો. ભગવાન વિષ્ણુ અને પત્ની લક્ષ્મીના ચાર આયુધોમાં શંખને સ્થાન મળવાનું કારણ કે તેનો મહિમા મોટો છે.

શંખનું વિધિસર પૂજન થાય તો દરિદ્રતા દૂર થાય છે. તેના અન્ય ચમત્કારિક ફાયદાઓ પણ છે. દેશવિદેશના પ્રવાસમાં જમણા શંખમાં ચોખા ભરી સાથે રાખવાની વિવિધ અડચણો દૂર થાય છે.